# પગારદાર કર્મચારીઓ માટે ઇન્કમટેક્સ માર્ગદર્શન

# નાણાકીય વર્ષ 2023-24

નાણાકીય વર્ષ 2023-24 અર્થાત આકારણી વર્ષ 2024-25 થી વ્યક્તિ તેમજ એચ.યુ.એફ. હોય તેવા કરદાતાઓ એ અગાઉની જૂની યોજના કે કલમ 115BAC હેઠળ અમલી બનાવાયેલ નવી યોજના હેઠળના આવકવેરા દરની પસંદગી કરવાની રહેશે.

## નવી યોજના હેઠળના નિયંત્રણો સાથે આવકવેરા રેટ

### ૧) આવકવેરાની મુક્તિ મર્યાદા :-

સને. ૨૦૨૩-૨૪ થી થયેલ સુધારા મુજબ આવકવેરાની મુક્તિ મર્યાદા નીચે મુજબની રહેશે.

| કરદાતાનો પ્રકાર | નાણાકીય વર્ષ 2023-24 ની નવી મુક્તિ મર્યાદા |
|---|---|
| વ્યક્તિ / એચ.યુ. એફ | 3,00,000/- |
| મહિલા કરદાતા | 3,00,000/- |
| સિનિયર સિટીઝન (60 થી 80 વર્ષ સુધીના) | 3,00,000/- |
| સુપર સિનિયર સિટીઝન (80 વર્ષ કે ઉપરના) | 3,00,000/- |

## ૨) આવકવેરાના દર :-

વ્યક્તિગત / એચ.યુ.એફ. /એ.ઓ.પી. /બી.ઓ.આઈ. /
સીનીયર સીટીઝન (60 થી 80 વર્ષ સુધીના) /
સુપર સિનિયર સિટીઝન (80 વર્ષ કે ઉપરના)

| | આવકવેરાનો દર |
|---|---|
| પ્રથમ રૂ. 3,00,000/- | કરમુકત |
| રૂ. 3,00,000/- થી રૂ. 6,00,000/- | 5% |
| રૂ. 6,00,000/- થી રૂ. 9,00,000/- | 10% |
| રૂ. 9,00,000/- થી રૂ. 12,00,000/- | 15% |
| રૂ. 12,00,000/- થી રૂ. 15,00,000/- | 20% |
| રૂ. 15,00,000/- થી વધુ | 30% |

ઉપરોક્ત આવકવેરાના દર પર વધારાનો 4% હેલ્થ એન્ડ એજ્યુકેશન સેસ ગણવાનો રહેશે.

રૂ. 7,00,000/- સુધીની કરપાત્ર આવક ધરાવતી રહીશ વ્યક્તિના કેસમાં કલમ 87A હેઠળ રૂ. 25,000/- સુધીનો આવકવેરા રીબેટ નો લાભ મળવાપાત્ર છે.

**ખાસ નોંધ :-**

ઉપરોક્ત એજ્યુકેશન સેસ ઉપરાંત કોઈપણ પ્રકારનો સરચાર્જ ગણવાનો રહેશે નહીં. 50 લાખથી ઉપરની આવક પર સરચાર્જ લાગુ પડશે. સરચાર્જનો દર નીચે મુજબ રહેશે.

| | સરચાર્જ નો દર |
|---|---|
| રૂ. 50,00,000/- | 0% |
| રૂ. 50,00,000/- થી રૂ. 1,00,00,000/- | 10% |
| રૂ. 1,00,00,000/- થી રૂ. 2,00,00,000/- | 15% |
| રૂ. 2,00,00,000/- થી વધુ | 25% |

જો નવી યોજના હેઠળ રાહતકારક દરનો લાભ લેવો હોય, તો કલમ 115BAC હેઠળ નિયત કપાતો, કરમુક્તિઓ તેમજ નુકસાનના સેટ-ઓફના લાભ મળી શકશે નહીં.

## નવી યોજના હેઠળ નીચેના લાભ / રાહત મળવા પાત્ર નથી.

- પગારદાર કરદાતાના કેસમાં કલમ 10(5) હેઠળ લીવ ટ્રાવેલ કન્સેશન (LTC), કલમ 10(13A) હેઠળ હાઉસ રેન્ટ એલાઉન્સ (HRA) કલમ 10(14) હેઠળ નોકરીને સ્પર્શતા નિર્દેષ્ટ ભથ્થાંને લગતી કરમુક્તિઓ તેમજ કલમ 16 હેઠળ મળવા પાત્ર કપાતો, જેમકે પ્રોફેશનલ ટેક્સ તથા કોઈપણ કાયદા હેઠળ મળવાપાત્ર કરમુક્તિ કે કપાતને પાત્ર ભથ્થુ (એલાઉન્સ) કે સવલત (Perquisite).

- કલમ 10(17) હેઠળ સંસદ સભ્ય કે વિધાનસભાના સભ્યને મળતા ભથ્થાં.

- સગીર વયના બાળકની ક્લબિંગને પાત્ર આવકમાંથી, કરદાતાને બાળક દીઠ કરમુક્ત મળવાપાત્ર કલમ 10(32) હેઠળ નિયત રૂ.1500/- ની રકમ.

- અંગત ઉપયોગના રહેઠાણ માટેની મકાન મિલકત જેનું વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણવામાં આવે છે તેના સંદર્ભમાં કલમ 24 હેઠળ મળવાપાત્ર રૂ. 2,00,000/- સુધીના હાઉસિંગ લોન ઉપર ચૂકવવા પાત્ર વ્યાજ.

- આવકવેરાના કાયદાના ChapterVI-A હેઠળ કુલ ગ્રોસ આવકમાંથી કલમ 80ની શ્રેણી હેઠળ મળવાપાત્ર વિવિધ કપાતો. જેમ કે કલમ 80C હેઠળ નિયત રોકાણો કે ખર્ચ, કલમ 80D હેઠળ મેડિકલ ઇન્સ્યોરન્સ પ્રીમિયમની ચુકવણી કે તબીબી સારવાર ખર્ચ, કલમ 80E કે 80EEA હેઠળ ઉચ્ચ શિક્ષણ કે હાઉસિંગ લોન માટે સંબંધી વ્યાજની ચુકવણી, કલમ 80G કે 80GGA હેઠળ નિયતદાન, કલમ 80GG હેઠળ ભાડાની ચુકવણી, કલમ 80TTA કે 80TTB હેઠળ નિયત બેન્ક વ્યાજ તેમજ, કલમ 80DD કે 80DDB હેઠળ શારીરિક કે માનસિક રીતે અશક્ત કે ગંભીર રોગ કે બીમારીથી પીડિત કરદાતા કે તેના આશ્રિતોની સારવાર સંબંધી ખર્ચ તથા કલમ 80U હેઠળ દિવ્યાંગોને મળતી કપાત વગેરેનો સમાવેશ કરાયો છે.

- અગાઉના વર્ષ માટેનો એવો કોઈ Carried Forward Loss, જે ઉપરોક્ત કપાતોના કારણે ઉદભવ્યો હોય તેવા Loss સંબંધી Setoffનો કોઈ લાભ પણ મળી શકશે નહીં.

- મકાન મિલકત માંથી આવકના શીર્ષક હેઠળ ઉદભવતી નુકસાનની કોઈપણ રકમ અન્ય આવક સામે સેટ-ઓફ કરી શકાશે નહીં.

## નવી યોજના હેઠળ મળવા પાત્ર લાભ

- કલમ 115BAC હેઠળ સ્પષ્ટતા કરાયા મુજબ કલમ 80CCD(2) અન્વયે કર્મચારીના માલિક દ્વારા કર્મચારીના NPS ખાતામાં જમા કરાતા ફાળાને નિયત સમય મર્યાદામાં આવકવેરાને પાત્ર ગણવામાં આવતી નથી, તે પ્રવર્તમાન જોગવાઈ ચાલુ રહેશે.

- Memorandum Explaining Provisions of the Finance billમાં આ સંબંધે સ્પષ્ટતા કરાયા મુજબ કલમ 10(14) હેઠળ નિયત નોટિફાઇડ કરમુક્ત ભથ્થા પૈકી, દિવ્યાંગ કર્મચારીના કેસમાં રૂ. 3200નું માસિક ટ્રાન્સપોર્ટ અલાવન્સ તેમજ કર્મચારીને તેની નોકરી પરની ફરજો બજાવવા માટે અપાતા કન્વેયન્સ, ટુર-ટ્રાન્સફર તથા ડેઈલી અલાવન્સનો લાભ મળી શકશે.

- આ ઉપરાંત આવકવેરા કાયદા હેઠળ મળવાપાત્ર અન્ય કરમુક્તિ કે કપાત, જેમકે ભાડાની આવકમાથી સ્ટાન્ડર્ડ ડિડક્શન, પગારદારને નિવૃત્તિ સમયે ગ્રેજ્યુઈટી, પ્રોવિડન્ડ ફંડ કે લીવ એન્કેશમેન્ટની મળતી કરમુક્ત રકમો, Tax Free Bond, PPF, કે SSYના કરમુક્ત વ્યાજ ખેતીની આવક સંબંધિત પ્રવર્તમાન કરમુક્તિઓ માથી નફા સંબંધિત પ્રવર્તમાન કરમુક્તિઓ તથા કલમ 87A હેઠળ આવકવેરા રીબેટની રાહત વગેરે લાભ કરદાતાઓને મળી શકશે.

- કલમ 80CCH અન્વયે જો કોઈ કર્મચારી અગ્નિપથ યોજના હેઠળ અગ્નીવિર કોર્પસ ફંડમાં દાન આપે તો આ દાનમાં આપેલી રકમ 100% ડિડક્શનને પાત્ર છે અને આ ફંડ માથી ભવિષ્યમાં જો કોઈ આવક થાય તો તે આવક કરમુક્ત ગણાવામાં આવશે.

❖ કલમ 57 હેઠળ ફેમિલી પેન્શન મેળવવાનો હકદાર કરદાતાના કેસમાં મળવાપાત્ર સ્ટાન્ડર્ડ ડિડક્શન.

❖ <u>**સ્ટાન્ડર્ડ ડિડક્શન (કલમ-16 હેઠળ) :-**</u>

કલમ-16 હેઠળ પગારની આવકમાંથી રૂ.50,000/- સ્ટાન્ડર્ડ ડિડક્શન તરીકે બાદ આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

આવકવેરાના કાયદા હેઠળ પેન્શનની આવકને પણ પગારના શીર્ષક હેઠળ કરપાત્ર ગણવામાં આવતી હોય, તેના સંદર્ભમાં સ્ટાન્ડર્ડ ડિડક્શનનો લાભ તમામ પેન્શરોનોને પણ મળી શકશે.

## જુની યોજના હેઠળ ના નિયંત્રણો સાથે આવકવેરા રેટ

### ૧) આવકવેરાની મુક્તિ મર્યાદા :-

⇨ સને ૨૦૨૩-૨૪ થી થયેલ સુધારા મુજબ આવકવેરાની મર્યાદા નીચે મુજબની રહેશે.

| કરદાતાનો પ્રકાર | નાણાકીય વર્ષ 2023-24 ની નવી મુક્તિ મર્યાદા |
|---|---|
| ➢ વ્યક્તિ / એચ.યુ. એફ | 2,50,000/- |
| ➢ મહિલા કરદાતા | 2,50,000/- |
| ➢ સિનિયર સિટીઝન (60 થી 80 વર્ષ સુધીના) | 3,00,000/- |
| ➢ સુપર સિનિયર સિટીઝન (80 વર્ષ કે ઉપરના) | 5,00,000/- |

## ૨) આવકવેરાના દર :-

| વ્યક્તિ / એચ.યુ.એફ. / મહિલા કરદાતા | આવકવેરાનો દર |
|---|---|
| ➢ પ્રથમ રૂ. 2,50,000/- | કરમુક્ત |
| ➢ રૂ. 2,50,000/- થી રૂ. 5,00,000/- | 5% |
| ➢ રૂ. 5,00,000/- થી રૂ. 10,00,000/- | 20% |
| ➢ રૂ. 10,00,000/- થી વધુ | 30% |

| સિનિયર સિટિઝન (60 થી 80 વર્ષ સુધીના) | આવકવેરાનો દર |
|---|---|
| ➢ પ્રથમ રૂ. 3,00,000/- | કરમુક્ત |
| ➢ રૂ. 3,00,000/- થી રૂ. 5,00,000/- | 5% |
| ➢ રૂ. 5,00,000/- થી રૂ. 10,00,000/- | 20% |
| ➢ રૂ. 10,00,000/- થી વધુ | 30% |

| સુપર સિનિયર સિટીઝન (80વર્ષ કે ઉપરના) | આવકવેરાનો દર |
|---|---|
| ➢ પ્રથમ રૂ. 5,00,000/- | કરમુક્ત |
| ➢ રૂ. 5,00,000/- થી રૂ. 10,00,000/- | 20% |
| ➢ રૂ. 10,00,000/- થી વધુ | 30% |

ઉપરોક્ત આવકવેરાના દર પર વધારાનો 4% હેલ્થ એન્ડ એજ્યુકેશન સેજ ગણવાનો રહેશે.

**ખાસ નોંધ :-**

ઉપરોક્ત એજ્યુકેશન સેસ ઉપરાંત કોઈપણ પ્રકારનો સરચાર્જ ગણવાનો રહેશે નહીં. 50 લાખથી ઉપરની આવક પર સરચાર્જ લાગુ પડશે. સરચાર્જનો દર નીચે મુજબ રહેશે.

| | સરચાર્જ નો દર |
|---|---|
| રૂ. 50,00,000/- | 0% |
| રૂ. 50,00,000/- થી રૂ. 1,00,00,000/- | 10% |
| રૂ. 1,00,00,000/- થી રૂ. 2,00,00,000/- | 15% |
| રૂ. 2,00,00,000/- થી રૂ. 5,00,00,000/- | 25% |
| રૂ. 5,00,00,000/- થી વધુ | 37% |

૩) 5,00,000/- સુધીની કરપાત્ર આવક ધરાવતા કરદાતાના કેસમાં રૂ.12,500/- સુધી ના આવકવેરા રીબેટની જોગવાઈ (નવી કલમ -87A) નાના કરદાતાઓને રાહત મળી રહે તે હેતુસર આવકવેરાના કાયદામાં કલમ 87A હેઠળ જોગવાઈમાં ફેરફાર કરવામાં આવેલ છે, જે અંતર્ગત રૂ. પાંચ લાખ સુધીની કરપાત્ર આવક ધરાવતા કરદાતાના કેસમાં તેણે ભરવાપાત્ર આવકવેરા માંથી રૂ. 12,500/- આવકવેરા રીબેટ તરીકે બાદ મળી શકશે.

**૪) પ્રોફેશનલ ટેક્સ કપાત :-**

દરેક કર્મચારીને આ વ્યવસાયવેરાની કપાત તેના પગારના આવક સંબંધી પ્રોફેશનલ ટેક્સની ચુકવણી તેને કલમ 16(3) મુજબ બાદ મળશે.

**૫) કરમુક્ત એલાઉન્સીઝ :-**

⇨ **ચિલ્ડ્રન એજ્યુકેશન એલાઉન્સ :-**

દરેક કર્મચારીને પ્રતિ બાળક પ્રતિ માસ રૂ.100/- નું ચિલ્ડ્રન એજ્યુકેશન એલાઉન્સ બાદ મળી શકશે. વધુમાં વધુ બે બાળકો માટે જ કલેમ કરી શકાશે. આથી કુલ બાદ મળવાપાત્ર એલાઉન્સ રૂ.200/- પ્રતિ માસથી વધુ હોઈ શકે નહીં.

⇨ **હોસ્ટેલ એલાઉન્સ :-**

દરેક કર્મચારીને પ્રતિ બાળક પ્રતિમા રૂ.300/- નું હોસ્ટેલ એલાઉન્સ બાદ મળી શકશે. આ એલાઉન્સ વધુમાં વધુ બે બાળકો માટે જ કલેમ કરી શકાશે. આથી કુલ બાદ મળવાપાત્ર એલાઉન્સ રૂ.600/- પ્રતિ માસથી વધુ હોઈ શકે નહીં.

⇨ **ટ્રાન્સપોર્ટ એલાઉન્સ :-**

સને.2018-19થી જે કર્મચારી શારીરિક ખોડખાપણ ધરાવતો હોય તો તેમને મહત્તમ રૂ.3200/- પ્રતિ માસ બાદ મળવાપાત્ર રહેશે. આમ દર વર્ષ દરમિયાન મહત્તમ રૂ.38,400/- નું ટ્રાન્સપોર્ટ એલાઉન્સ બાદ મળવા પાત્ર રહેશે. આથી હવે ફક્ત શારીરિક ખોડખાપણ ધરાવતા કર્મચારીને જ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ બાદ મળશે.

⇨ **કન્વેયન્સ એલાઉન્સ :-**

કર્મચારીને પોતાની ફરજો બજાવવાના હેતુસર માલિક તરફથી આપવામાં આવેલ કન્વેયન્સ એલાઉન્સ અર્થાત વાહનભથ્થુ સંપૂર્ણ કરમુક્ત ગણાશે.

⇨ **એકેડેમીક, રિસર્ચ ઓર પ્રોફેશનલ પરસુઈટ એલાઉન્સ :-**

શૈક્ષણિક કે સંશોધન સંસ્થામાં કામ કરતાં કર્મચારીને તેની નોકરી સંબંધી શૈક્ષણિક, સંશોધન કે તાલીમી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે પ્રોત્સાહન સ્વરૂપે તેના માલિક તરફથી આપવામાં આવેલ 'એકેડેમિક, રીસર્ચ એન્ડ ટ્રેનિંગ પરસુઈટ એલાઉન્સ' સંપૂર્ણપણે કરમુક્ત ગણાશે.

⇨ **યુનિફોર્મ એલાઉન્સ :-**

કર્મચારીને તેની નોકરી પરની ફરજો દરમ્યાન પહેરવા માટે યુનિફોર્મની ખરીદી તેમજ નિભાવ (અર્થાત ધોલાઈ - ઈસ્ત્રી વગેરે) માટેના ખર્ચને પહોંચી વળવા તેના માલિક તરફથી આપવામાં આવેલ 'યુનિફોર્મ એલાઉન્સ' સંપૂર્ણપણે કર્મુક્ત ગણાશે.

⇨ **હાઉસ રેન્ટ એલાઉન્સ યાને ઘરભાડા ભથ્થું :-**

ઇન્કમટેક્સ કાયદાની કલમ 10(13A)એ મુજબ કર્મચારીને પોતાના માલિક તરફથી ઘરભાડા ભથ્થું યાને "હાઉસ રેન્ટ એલાઉન્સ" મળે છે તે નીચેની ત્રણ શરતોની રકમ પૈકીની સૌથી ઓછી જે રકમ હશે તે બાદ મળવા પાત્ર રહેશે.

૧) કર્મચારીને માલિક તરફથી મળેલી ખરેખર ઘરભાડાની રકમ

૨) ભાડાની ચુકવણીની રકમ કે જે કર્મચારીના પગારના તેમજ મોંઘવારી ભથ્થાનાં 10% થી વધતી હોય તેટલી રકમ.

3) પગારના 40% ની રકમ.

સને. 2013-14થી હાઉસરેન્ટ એલાઉન્સની બાદબાકી સંદર્ભે CBDT તરફથી સરકયુલર નંબર:08/2013, તા.10-10-2013માં નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવી છે. જેનો દરેક કર્મચારી તેમજ માલિકે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ઉપરોક્ત સર્ક્યુલરમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે જો કોઈ કર્મચારી વાર્ષિક રૂ. એક લાખથી વધુ ભાડું ચૂકવતા હોય તો તેઓએ મકાન માલિકના પાનકાર્ડને પ્રમાણીત નકલ ભાડાની રસીદ સાથે પોતાના એમ્પ્લોયર (માલિક) ને આપવાની રહેશે.

જો કોઈ કર્મચારીને વાર્ષિક રૂ.36,000/- થી વધુ એચ.આર.એ. મળતું હોય તો તેમણે પણ ભાડાની રસીદ માલિકને આપવાની રહેશે.

જો કોઈ કર્મચારીને વાર્ષિક રૂ.36,000/- થી ઓછું એચ.આર.એ. મળતું હોય, તો તે કોઈપણ પ્રકારની ભાડાની રસીદ માલિકને આપવાની રહેશે નહીં. આ જોગવાઈનો અર્થ એ નથી કે ભાડાની રસીદ માલિક પાસેથી લેવાની જ નથી. કારણ કે આવકવેરા અધિકારી જરૂર પડે આ રસીદની કોપી ખરાઈ માટે કરદાતા પાસેથી માંગી શકશે.

**૬) એરિયર્સ ની રકમ પર મળતી રાહત 89(1) રીલીફ :-**

આવકવેરા કાયદાને કલમ 89(1) મુજબ કર્મચારીઓને જ્યારે પણ પગારના એરિયર્સની રકમ એકી સાથે મળે ત્યારે જો કરદાતા રીલીફ માટેની અરજી કરે તો જે તે ઇન્કમટેક્સ ઓફિસર દ્વારા તેને યોગ્ય રાહત આપવામાં આવે છે. આ માટે એરિયસની આવક જે તે પાછલા જુદા જુદા વર્ષોમાં બાઈફરકેશન કરવાનું હોય છે. આથી એકી સાથે મળતી આવક ઉપર ઊંચા દરે ટેક્સ ભરવાનો થતો નથી અને એકંદરે ટેક્સમાં રાહત મળે છે. ટેક્સમાંથી રાહત મેળવવા માટે કરદાતાએ 10(E) એન એનેક્ષર(1)(2) ના ફોર્મ ભરી ઇન્કમટેક્સ રિટર્ન સાથે જોડવા પડે છે.

**૭) હાઉસિંગ લોન અંગે વ્યાજની કપાત :-**

જો કોઈ કર્મચારીએ પોતાના અંગત રહેઠાણ માટેનું મકાન ખરીદવા કે બાંધવા માટે લોન લીધી હોય તો આવી હાઉસિંગ લોન ઉપર ચૂકવવાપાત્ર વ્યાજ તેને વાર્ષિક રૂ.2,00,000/-ની મર્યાદામાં

કપાત તરીકે બાદ આપવાની ખાસ રાહતકારક જોગવાઈ આવકવેરાના કાયદાની કલમ 24 હેઠળ કરવામાં આવી છે.

ઉપરોક્ત રૂ.2,00,000/- ની કપાત તો જ મળી શકશે જો હાઉસિંગ લોન તા. 01-04-1999 પછીથી લેવામાં આવી હોય તેમ જ તે હાઉસિંગ પ્રોપર્ટીની ખરીદી અથવા બાંધકામ લોન મેળવ્યાની તારીખથી પાંચ વર્ષની અંદર કરવામાં આવેલ હોય. અન્યથા કલમ 24 હેઠળ મળવાપાત્ર કપાત રૂ.30,000/- રહેશે.

કલમ 80EEA હેઠળ રૂ.1,50,000/- સુધીના વ્યાજની ચુકવણી માટે વધારાની કપાત મળવાપાત્ર છે. આ કપાત આવકવેરા કાયદાની કલમ 24 હેઠળ ઉપલબ્ધ વ્યાજની ચુકવણી માટે રૂ.2,00,000/-ની કપાત સિવાયની વધારાની રકમ છે. તેથી કરદાતાઓ હોમ લોન પરના વ્યાજ માટે કુલ રૂ.3,50,000/- સુધીની કપાત મેળવી શકે છે, જો તેઓ કલમ-80EEA ની કપાતનો લાભ લેવા માંગતા હોય તો તેઓને નીચે મુજબની શરતોને પૂર્ણ કરાવવાની રહેશે.

## કલમ-80EEA કપાતનો દાવો કરવા માટેની શરતો

- રહેણાંકી મકાનની મિલકત ખરીદવા માટે હાઉસિંગ લોન બેંકો અથવા હાઉસિંગ ફાઇનાન્સ કંપની પાસેથી લેવી જરૂરી છે.
- ઘરની મિલકતની સ્ટેમ્પ ડ્યુટી રૂ.45,00,000/- કે તેથી ઓછી હોવી જોઈએ.
- જે કરદાતા કલમ-80EE હેઠળ કપાતનો દાવો કરતો હોય, તે કરદાતા કલમ-80EEA હેઠળ કપાત મેળવી શકશે નહીં.
- આ કલમ મુજબ કરદાતા પ્રથમ વખત ઘર ખરીદનાર હોવો જોઈએ અને તેને આ પહેલા રહેણાંકી મકાન ખરીદેલ હોવું ન જોઈએ, તો જ આ કલમનો લાભ મેળવી શકશે.
- કરદાતાએ તા. 01-04-2019 થી તા. 31-03-2022 સુધીમાં જ લોન લીધેલી હોવી જોઈએ.

## ૮) મેડીકલ રીઈમ્બર્સમેન્ટ (પ્રોવિઝન 17(2)) :-

- કોઈપણ કર્મચારીને માલિક દ્વારા કોઈપણ પ્રકારનો મેડીકલ રીઈમ્બર્સમેન્ટ ચૂકવવામાં આવે તો નીચે મુજબના નિયમોને આધીન કપાત મળવા પાત્ર રહેશે.

  ૧) કોઈપણ માલિક દ્વારા કર્મચારી અથવા તેના ફેમિલી મેમ્બર્સને થયેલ કોઈ પણ બીમારી માટે ગવર્મેન્ટ હોસ્પિટલ અથવા ગવર્મેન્ટ એપ્રુવ હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ આપવામાં આવે તો તે ટ્રીટમેન્ટ પાછળ થયેલ ખર્ચ કર્મચારી માટે ટેક્ષેબલ ગણાશે નહીં એટલે કે આ ખર્ચ સંપૂર્ણપણે કરમુક્ત રહેશે.

  ૨) કોઈપણ કર્મચારી દ્વારા તેના પોતાના માટે અથવા ફેમિલી મેમ્બર્સ માટે કોઈપણ પ્રિસ્ક્રાઈબ્ડ બીમારી (રૂલ 3Aમાં નિર્દેષ્ટ) માટે કોઈપણ પ્રકારનો ખર્ચ કરવામાં આવે અને આ ખર્ચ જો માલિક દ્વારા રીઈમ્બર્સમેન્ટ કરવામાં આવે તો આ રીઈમ્બર્સમેન્ટ સંપૂર્ણ કરમુક્ત રહેશે. રીઈમ્બર્સમેન્ટની રકમ ઉપરોક્ત બીમારી ઉપર થયેલ ખર્ચ કરતા વધુ હોવી જોઈએ નહીં. કોઈપણ પ્રિસ્ક્રાઈબ્ડ બીમારીના ખર્ચનું રીઈમ્બર્સમેન્ટ તો જ કરમુક્ત ગણાશે જો આ બીમારીની ટ્રીટમેન્ટ ચીફ કમિશનર ઓફ ઇન્કમટેક્સ દ્વારા માન્ય હોસ્પિટલમાં લેવામાં આવે.

  ૩) ઉપરોક્ત બંને પેરામાં સમાવિષ્ટ ન થતું હોય તેવું કોઈપણ મેડિકલ રીઈમ્બર્સમેન્ટ મહત્તમ રૂ.15000/- સુધી કરમુક્ત ગણાતી રકમ સને.2018-19થી બાદ મળશે નહીં.

  ઉપરોક્ત પેરા. નં. 1 અને 2માં દર્શાવેલ મેડિકલ રીઈમ્બર્સમેન્ટ બાદ લઈ શકાશે, પરંતુ રૂ.15,000/- ની મર્યાદામાં કલેઈમ કરવામાં આવતું મેડિકલ રીઈમ્બર્સમેન્ટ હવેથી બાદ મળશે નહીં.

## ૯) સ્ટાન્ડર્ડ ડિડક્શન (કલમ-16 હેઠળ) :-

કલમ-16હેઠળ નાણાકીય વર્ષ 2018-19થી પગારની આવકમાંથી રૂ.50,000/- સ્ટાન્ડર્ડ ડિડક્શન તરીકે બાદ આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

આવકવેરાના કાયદા હેઠળ પેન્શનની આવકને પણ પગારના શીર્ષક હેઠળ કરપાત્ર ગણવામાં આવતી હોય, તેના સંદર્ભમાં સ્ટાન્ડર્ડ ડિડક્શનનો લાભ તમામ પેન્શરોનોને પણ મળી શકશે.

## ૧૦) ચેપ્ટર VI એ હેઠળ મળવાપાત્ર ડિડક્શન :-

### ૧) રોકાણ સંબંધી કપાત :-

⇨ **કલમ 80C / 80CCC / 80CCD(1) :-**

આવકવેરાની કલમ 80C, 80CCC તેમજ 80CCD(1) અનુસાર નીચે મુજબના નિયત રોકાણો ઉપર મહત્તમ રૂપિયા 1,50,000 સુધીનો ડીડક્શન આવક માટે કલેમ કરી શકાશે.

- લાઈફ ઇન્સ્યોરન્સ પોલિસી પ્રીમિયમ (LIP)ની ચુકવણી.
- યુનિટ લિંકડ ઈન્સ્યોરન્સ પ્લાન (ULIP)માં રોકાણ.
- સ્ટેચ્યુટરી કે રેકગ્નાઈઝડ પ્રોવિડન્ટ ફંડ કે એપ્રુવ સુપરએન્યુએશન ફંડમાં કર્મચારી દ્વારા જમા કરાવવામાં આવતો ફાળો.
- પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF)માં રોકાણ.
- હાઉસિંગ લોનના ઇન્સ્ટોલમેન્ટની ચુકવણી કે મકાન-મિલકત માટે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ખર્ચ વગેરેની ચુકવણી.
- પાંચ વર્ષીય "નેશનલ સેવિંગ સર્ટિફિકેટ" (NSC)માં રોકાણ તથા એને NSCમાં વર્ષો વર્ષ જમા થતુ વ્યાજ (Accrued Interest).
- હોમ લોન એકાઉન્ટ સ્કીમમાં રોકાણ.
- જીવન વીમા નિગમ કે અન્ય વીમાકારની વર્ષાસન યોજના (Annuity Plan)માં રોકાણ.
- સુકન્યા સમૃદ્ધિ યોજનામાં રોકાણ.
- UTI કે માન્ય મ્યુચ્યુઅલ ફંડ દ્વારા સ્થાપાયેલ 'પેન્શન ફંડ'માં રોકાણ.
- માન્ય મ્યુચ્યુઅલ ફંડની 'ઈક્વિટી લિંકડ સેવિંગ્સ સ્કીમ'(ELSS)ના યુનિટ સમાં રોકાણ.
- બે બાળકોના શિક્ષણ માટે ટ્યુશન ફી સંબંધી ખર્ચ.

- ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાવર કે ટેલિકોમ કંપનીના શેર કે ડિબેન્ચરમાં રોકાણ કે આવી કંપનીમાં રોકાણ કરતા મ્યુચ્યુઅલ ફંડના યુનિટસ અથવા ટેક્સ સેવિંગ્સ બોન્ડમાં કરાયેલ રોકાણ.
- શિડ્યુલ બેંકની પાંચ વર્ષીય 'ટેક્ષ સેવિંગ્સ ડિપોઝીટ સ્કીમ'માં રોકાણ.
- સિનિયર સિટીઝન સેવિંગ્સ સ્કીમમાં રોકાણ.
- પાંચ વર્ષીય પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટમાં રોકાણ.
- NPS હેઠળ કર્મચારીના પગારમાંથી થયેલ કપાત.

⇨ **<u>કલમ 80CCD(2) :-</u>**

કલમ 17 હેઠળ કરાયેલી જોગવાઈ અનુસાર, માલિક દ્વારા NPSમાં કર્મચારીના ખાતે જમા કરવામાં આવતા ફાળાને કર્મચારીની આવક માની લેવામાં આવશે, પરંતુ કલમ 80CCD(2)અન્વયે આવા ફાળાને કપાત તરીકે મજરે મળવાપાત્ર ગણાશે. આ કપાત કર્મચારીના પગારના 14% ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે જો તે સરકારી કર્મચારી હશે તો અને જો અન્ય કર્મચારી હશે તો આ કપાત પગારના 10 % ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે .

⇨ **<u>કલમ 80CCD(1B) :-</u>**

નાણાકીય વર્ષ : 2015-16થી આ વધારાની કપાતનો લાભ મહત્તમ 50,000/- સુધી મેળવી શકાશે. આ કલમ અંતર્ગત કોઈપણ વ્યક્તિ NPS (Tier.I)એકાઉન્ટમાં રોકાણ કરીને વધારાની કપાતનો લાભ મહત્તમ 50,000/- ની મર્યાદામાં મેળવી શકશે.

⇨ **<u>કલમ 80CCH :-</u>**

કલમ 80CCH અન્વયે જો કોઈ કર્મચારી અગ્નિપથ યોજના હેઠળ અગ્નીવિર કોર્પસ ફંડમાં દાન આપે તો આ દાનમાં આપેલી રકમ 100% ડિડક્શનને પાત્ર છે અને આ ફંડ માથી ભવિષ્યમાં જો કોઈ આવક થાય તો તે આવક કરમુક્ત ગણાવામાં આવશે.

## ૨) મેડીક્લેમ ઇન્સ્યોરન્સ સંબંધી કપાત (80D) :-

કલમ 80Dની જોગવાઈઓ અનુસાર કોઈપણ કરદાતા પોતાના, પોતાના લગ્ન સાથીના અને બાળકોના સ્વાસ્થ્ય માટે લીધેલા મેડિકલ ઇન્સ્યોરન્સનું પ્રીમિયમ મહત્તમ રૂ.25000/- સુધી બાદ મળી શકશે જો કરદાતા પોતે સિનિયર સિટીઝન હોય તો મહત્તમ 50,000/- સુધી બાદ મળી શકશે.

જો વ્યક્તિ પોતાના માતા-પિતાનું પણ મેડીક્લેમ પ્રીમિયમ ભરતી હોય તો તેવા કેસમાં તેને વધારાની રકમ રૂ.25,000/- ની કપાત નો લાભ મળી શકશે. વળી, જો તેના માતા, પિતા કે પત્ની ત્રણેય માંથી કોઈપણ સિનિયર સિટીઝન તો તેવા કેસમાં વધારાની રૂ.50,000/- ની કપાતનો લાભ મળશે. આમ કલમ 80D હેઠળ વ્યક્તિને અસરકારક સ્વરૂપે રૂ.50,000/- (પોતાના કુટુંબના રૂ. 25000/- + માતા પિતાના રૂ. 25000/-) અથવા રૂ.75000/- (પોતાના કુટુંબના રૂ. 25000/- + સિનિયર સિટીઝન માતા-પિતા કે પત્નીના રૂ. 50,000/-)ની કપાતનો લાભ મળી શકશે.

કરદાતા પોતે સિનિયર સિટીઝન હોય તો ઉપરોક્ત રૂ.25,000/- ને બદલે રૂ.50,000/- ની રકમ ધ્યાનમાં લેવી.

સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કીમમાં અપાયેલ ફાળાની રકમ પણ કલમ 80D હેઠળ કપાતને પાત્ર ગણાશે. તેની મર્યાદામાં પણ ઉપરોક્ત પ્રમાણેની જ રહેશે.

કલમ 80Dની હેઠળની કપાતના વ્યાપનો વિસ્તાર કરીને નાણાકીય વર્ષ : 2012-13થી એવી જોગવાઈ કરવામાં આવે છે કે કરદાતા એ પોતાના, પોતાના કુટુંબના સભ્યો અથવા તેના માતા-પિતાની પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ માટે કોઈ ખર્ચ કર્યો હોય તો આવા ખર્ચ સંબંધી વધુમાં વધુ રૂ.5,000/- સુધી, પરંતુ કલમ 80D હેઠળની કુલ રૂ.25,000/- થી રૂ.50,000/- ની ઉપરોક્ત કપાતની મર્યાદામાં લાભ મળી શકશે.

**૩) શારીરિક કે માનસિક રીતે અશકત એવા આશ્રિતોની તબીબી સારવાર માટે કરેલા ખર્ચ અંગે મળતી કપાત (80DD) :-**

કોઈપણ કર્મચારી કલમ 80D હેઠળ પોતાના પર આશ્રિત હોય તેવી કોઈ શારીરિક કે માનસિક રીતે અશક્ત વ્યક્તિની તબીબી સારવાર તાલીમ કે પુર્નેવસવાટ માટે કરવામાં આવેલ ખર્ચ અથવા આવી વ્યક્તિના ભરણપોષણ માટે જીવન વીમા નિગમ કે યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા દ્વારા પ્રાયોજિત અને આ હેતુસર CBDT દ્વારા માન્ય કરવામાં આવેલ યોજના હેઠળ કરવામાં આવેલ રોકાણના સંદર્ભમાં કપાત બાદ આપવામાં આવે છે.

જો કોઈપણ આશ્રિત હોય તેવી કોઈ શારીરિક કે માનસિક રીતે અશક્ત વ્યક્તિની ડીસેબીલીટી 40% થી વધુ હોય તો મહ્ત્તમ મળવાપાત્ર કપાત રૂ.75,000/- રહેશે અને જો તે વ્યક્તિની ડીસેબીલીટી 80%થી વધુ હોય તો મહ્ત્તમ મળવાપાત્ર કપાત રૂ.1,25,000/- રહેશે.

આ કપાત મેળવવા માટે કર્મચારી એ મેડિકલ ઓથોરિટી પાસેથી ફોર્મ નં.10IA મેળવીને આપવાનું રહેશે.

**૪) ગંભીર રોગ કે બીમારીથી પીડાતા કર્મચારી તેમજ તેના આશ્રિતોની તબીબી સારવાર માટે કરેલ ખર્ચ અંગે મળતી કપાત (80 DDB) :-**

કલમ 80DDB ની જોગવાઈઓ અનુસાર આ માટે આવકવેરા નિયમો હેઠળ જાહેર કરવામાં આવે તેવા કોઈ ગંભીર રોગ કે બીમારીથી પીડાતા કર્મચારી કે તેના કોઈ આશ્રિત સગાની તબીબી સારવાર માટે કર્મચારીએ કોઈપણ ખર્ચ કર્યા હોય તો તેવા કેસમાં તેને તેની કુલ ગ્રોસ આવકમાંથી રૂ.40,000,/- ની કપાત બાદ આપવામાં આવશે, વધુમાં જો કર્મચારી કે તેના કોઈ આશ્રિત સગા 'સિનિયર સિટીઝન' હોય તો તેવા કેસમાં રૂ.1,00,000/-ની કપાત બાદ મળશે. અલબત્ત આ સંદર્ભમાં એવી સ્પષ્ટતા કરાય છે કે જો આ તબીબી સારવારના સંદર્ભમાં વીમા કંપની તરફથી કોઈ રકમની ચુકવણી કરવામાં આવે તો તેને ઉપરોક્ત કપાતની રકમ માંથી બાદ કરાશે અને બાકીની રહેતી રકમ કપાત તરીકે મજરે મળશે.

આવકવેરા નિયમ 11DD હેઠળ કલમ 80DDBના હેતુસર જાહેર કરાયેલા ગંભીર રોગો/બીમારીઓની યાદી નીચે મુજબ છે.

- માનસિક રોગો
- કેન્સર
- એઈડ્સ
- ક્રોનિક રીનલ ફેઈલર (કિડની ફેઈલર)
- હીમોફીલિયા તેમજ થેલેસેમિયા

આ કપાતનું પ્રમાણ ઉપરોક્ત હેતુસર કર્મચારીએ ખરેખર કરેલું ખર્ચ અથવા રૂ.40,000/- કે (રૂ.1,00,000/-) બે માંથી જે રકમ ઓછી હોય તેના આધારે આપવામાં આવશે.

આ કપાત મેળવવા માટે કર્મચારીએ મેડિકલ ઓથોરિટી પાસેથી ફોર્મ નં.10IA મેળવીને આપવાનું રહેશે.

**૫) ઉચ્ચ શિક્ષણ માટે લીધેલ લોનના વ્યાજની ચુકવણી સંબંધી કપાત (80E) :-**

કલમ 80E ની જોગવાઈઓ અનુસાર કોઈપણ કર્મચારી પોતાના અથવા પોતાના સગા માટે ઉચ્ચ શિક્ષણ માટે કોઈ બેંક કે નાણાકીય સંસ્થા અથવા આવકવેરાના કાયદા હેઠળ માન્ય જાહેર ધર્માદા ટ્રસ્ટ પાસેથી લોન લીધી હોય તો વર્ષ દરમિયાન તેણે આવી લોનનું ચૂકવેલ વ્યાજ ખર્ચ તેની કુલ ગ્રોસ આવક માંથી કપાત તરીકે બાદ મળી શકશે.

**૬) નવી કલમ - 80EEB :-**

ઈલેક્ટ્રોનિક વાહનો ખરીદવા માટે લેવામાં આવતી લોન પર ચૂકવેલ વ્યાજ પર રૂ.1,50,000/- સુધીની કપાત મળવાપાત્ર રહેશે.

## ૭) દાનમાં આપેલ રકમ અંગે મળી શકતી કપાત (80G) :-

કલમ 80G હેઠળ જો કોઈ કર્મચારી પ્રાઈમ મિનિસ્ટર રીલીફ ફંડ તેમજ અન્ય CBDT દ્વારા નિર્દેષ્ટ કરેલા ફંડમાં દાન આપે તો આ દાનમાં આપેલી રકમ 100% અથવા 50% ડિડક્શનને પાત્ર છે.

ઉપરોક્ત ફંડમાં નિર્દેષ્ટ ન થતી હોય તેવી કોઈપણ 80G(5) માન્ય સંસ્થામાં કોઈ કર્મચારી દાન આપે તો આ દાનની રકમના 50% ડિડક્શનને પાત્ર ગણાશે. આ દાનની કુલ રકમ આવકના 10%થી વધવી જોઈએ નહીં. 10% થી વધારેનું દાન બાદ મળશે નહીં.

ઉપરોક્ત સંદર્ભમાં નાણાકીય વર્ષ 2017-18થી અમલી સુધારા અનુસાર એવી જોગવાઈ કરવામાં આવી છે, કે રૂ.2000/-થી વધુ દાનની રકમના સંદર્ભમાં જો આવો દાન રોકડ સિવાય એટલે કે ચેક અથવા ડ્રાફ્ટ સ્વરૂપે આપવામાં આવ્યું હોય, તો જ કલમ 80G હેઠળ મળવાપાત્ર રહેશે, જો દાનની રકમ રૂ.2000/-થી નીચે રોકડ સ્વરૂપે આપેલ હશે તો આ કલમ મુજબ લાભ મળવાપાત્ર છે.

## ૮) અંધ, અપંગ અને મંદબુદ્ધિની વ્યક્તિઓને મળી શકતી વિશિષ્ટ કપાત (80U) :-

કલમ 80U હેઠળ અંધ અથવા કાયમી સ્વરૂપે શારીરિક રીતે અપંગ અથવા મંદબુદ્ધિ ધરાવતા એવા કોઈપણ કર્મચારી પોતાના અંધપણાનું, અપંગતાનું કે મંદબુદ્ધિપણાનું સરકારી અથવા સ્થાનિક સંસ્થા સંચાલિત હોસ્પિટલના ડોક્ટરનો નિયત સર્ટિફિકેટ રજૂ કરે તો તેને કુલ ગ્રોસ આવક માંથી નીચે મુજબની રકમ બાદ મળી શકશે.

- 40% કે તેથી વધુ ડિસેબિલિટી ધરાવતા કર્મચારીને રૂ. 75,000/-ની કપાત મળશે.
- 80% કે તેથી વધુ ડિસેબીલીટી ધરાવતા કર્મચારીને રૂ.1,25,000/- ની કપાત મળશે.

## ૯) સેવિંગ્સ એકાઉન્ટ વ્યાજ સંબંધી કપાતની જોગવાઈ (80TTA / 80TTB) :-

કલમ 80TTA હેઠળ એવી જોગવાઈ કરવામાં આવી છે કે વ્યક્તિ અથવા એચ.યુ.એફ હોય તેવા કરદાતા ના કેસમાં વધુમાં વધુ રૂ.10,000/- ની મર્યાદામાં કોઈપણ બેંક, કો-ઓપ. બેંક કે પોસ્ટ ઓફિસના સેવિંગ્સ એકાઉન્ટના વ્યાજને કુલ ગ્રોસ આવકમાંથી કપાત તરીકે બાદ આપવામાં આવશે.

નાણાકીય વર્ષ 2018-19થી એવી જોગવાઈ કરવામાં આવી છે કે કરદાતા સિનિયર સિટીઝન હોય અને વ્યાજની (સેવિંગ અથવા એફ.ડી.) આવક ધરાવતા હોય તો તેવા કેસમાં રૂ.50,000/- ની મહત્તમ કપાત નો લાભ કલમ 80TTB હેઠળ મળી શકશે.

## ૧૦) કર્મચારીને આપવામાં આવતી મુસાફરી સહાય (LTC) સંબંધિત જોગવાઈ :-

કલમ 10(5) અન્વયે, કર્મચારીને નોકરી દરમિયાન ભારતમાં કોઈપણ સ્થળે રજા પર જવા માટે જે એલ.ટી.સી. આપવામાં આવે તે કર્મચારીએ મુસાફરી માટે કરેલ ખર્ચને મર્યાદામાં કરમુક્ત ગણાશે. મહદઅંશે દરેક માલિક (એમ્પ્લોયર) દ્વારા કર્મચારીએ કરેલ મુસાફરી ખર્ચ એલ.ટી.સી. તરીકે આપવામાં આવે છે. આમ અસરકારક રીતે એલ.ટી.સી. ની બધી જ રકમ કરમુક્ત રહે છે.

માલિક (એમ્પ્લોયર) દ્વારા ઘણી વખત કર્મચારીને એલ.ટી.સી. સંબંધીત લીવ એન્કેશમેન્ટ (રજા પગાર) આપવામાં આવે છે. આ રજા પગાર કરપાત્ર છે કે કરમુક્ત તેની કોઈ સ્પષ્ટતા કલમ 10(5)માં કરવામાં આવેલ નથી. પરંતુ કલમ 10(5)માં એવી જોગવાઈ સ્પષ્ટપણે કરવામાં આવેલ છે કે એલ.ટી.સી. સંબંધી કોઈપણ કપાત મુસાફરી પાછળ કરવામાં આવેલ ખર્ચથી વધુ હોવી શકે નહીં.

આથી ઉપરોક્ત સ્થિતિને ધ્યાનમાં લેતા જે તે ડી.ડી.ઓ. (ડ્રોવીંગ એન્ડ ડિસબસી ઓફિસર) એ એલ.ટી.સી.નો રજા પગાર કર્મચારીને બાદ આપવું એ સલાહ ભર્યું નથી. હાલમાં સ્ટેટ ગવર્મેન્ટ દ્વારા પણ કેટલાક સેમિનાર તેમજ ટ્રેનિંગ પ્રોગ્રામમાં પણ આ રજા પગાર આવક તરીકે લેવા માટે જણાવવામાં આવેલ છે.

જે તે કર્મચારીએ મુસાફરી પાછળ કરેલ ખર્ચ જો મળેલ એલ.ટી.સી. કરતાં વધુ હોય તો પોતાના અંગત આવકવેરાના રિટર્નમાં કરેલ મુસાફરી ખર્ચના બધા પુરાવા બીડીને પોતાની રીતે આવકવેરા અધિકારી પાસેથી બાદ લઈ શકશે અને આ રજા પગાર આવકવેરામાં બાદ લેવાની સંપૂર્ણ જવાબદારી જે તે કર્મચારીની અંગત રહેશે.

**૧૧) રહેઠાણના મકાનની સવલત (Rent Free Accommodation) :-**

પગારદાર કર્મચારીને તેના માલિક તરફથી ભાડા મુક્ત રહેઠાણની સવલતના સંદર્ભમાં તેનું મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવશે.

૧) જ્યારે રહેઠાણની જગ્યા ફર્નિચર વગરની હોય :-

કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા મકાનની ફાળવણી માટેના નિયમો મુજબ ચૂકવવાપાત્ર લાયસન્સ ફીની રકમ, કર્મચારીએ આવક તરીકે લેવાની રહેશે. જો કે આ રકમ માંથી કર્મચારી દ્વારા ચૂકવવામાં આવેલ રકમ બાદ કરવામાં આવશે.

૨) જ્યારે રહેઠાણની જગ્યા ફર્નિચર સાથે હોય :-

ઉપરોક્ત પેરા.1 મુજબની ગણતરી કરી તેમાં ફર્નિચરની કિંમતના 10% રકમ ઉમેરવાની રહેશે.

ઉપરોક્ત રહેઠાણના મકાનની સવલત માલિક (Employer) દ્વારા આપવામાં આવી હોય તો જ આ જોગવાઈ લાગુ પડશે.

**૧૨) કલમ 10(11) / 10(12) હેઠળ કર્મચારીના પ્રોવિડન્ટ ફંડમાં કર્મચારી દ્વારા નિયત રકમથી વધુ રોકાણ કરાય તો વધારાની રકમનો વ્યાજ કરપાત્ર !**

આકારણી વર્ષ 2021-22 થી કલમ 17 અન્વયે કરવામાં આવેલા સુધારા અનુસાર કર્મચારી દ્વારા P.F., Super Annuation કે NPS Accounts માં 2,50,000/- થી

વધારેનું રોકાણ કરવામાં આવે તો તે વધારાના રોકાણ પર મળતું વ્યાજ કરને પાત્ર છે.

ઉપરાંત માલિક દ્વારા કરવામાં આવતા P.F., Super Annuation કે NPS Accounts માં 5,00,000/- થી વધારેનું રોકાણ કરવામાં આવે તો તે વધારાના રોકાણ પર મળતું વ્યાજ કરને પાત્ર છે.